**અમદાવાદ નાં મહે. એડિશનલ ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રીની કોર્ટમાં,**

**કોર્ટ નં. ૧૦, મુકામ : અમદાવાદ.**

ફોજદારી પરચૂરણ અરજી નં.૧૦૦૦૩૬૦/૧૬

આંક:૧૦

અરજદાર :
(૧)રેણુબેન દીપકકુમાર ખીચી
રહે: સી/૪૯, શીવપાર્ક સોસાયટી, જીવનપ્રકાશ વિધ્યા વિહારસામે,
રામરાજયનગર, વસ્ત્રાલ,અમદાવાદ.
(૨) સગીર પ્રીન્સેસ દિપકકુમાર ખીચી
ઉ.વ.આ.૭, ધર્મે :હિન્દું, ધંધો: અભ્યાસ
નાઓના વલી અને ઈષ્ટમીત્ર તરીકે અરજદાર નં.૧ જાતે
અરજદાર નં.૧ સાથે રહે છે.

વિરુધ્ધ.

સામાવાળા:
(૧) દિપકકુમાર રામેશ્વરજી ખીચી (પતિ)
(૨) બરજીદેવી રામેશ્વરજી ખીચી
બંને રહે: એ/૧૦૧, સરફેસ પેરેડાઈઝ એપાર્ટમેન્ટ
તક્ષશીલા સ્કુલથી પાંજરાપોળરોડ, ગોવર્ધનપાર્ક ની પાછળ,
દેવદર્શન ફ્લેટની બાજુમાં ,ઓઢવ
અમદાવાદ.

**બાબત : ઘરેલુ હિંસા અધીનિયમની કલમ:૧૨(૧) હેઠળની અરજી.**

અરજદાર તરફે : વિ.વ.શ્રી.વી.આર.બેંગડે
સામાવાળા તરફે: –

**–: ચુ કા દો :–**

(૧) આ કામે અરજદારે આ કામના સામાવાળાઓ સામે પારીવારીક ઘરેલું હીસાથી સ્ત્રીઓને રક્ષણ અધીનીયમ(ડોમેસ્ટીક વાયોલન્સ એકટ– ૨૦૦૫–ની કલમ:૧૨(૧)હેઠળ દાખલ કરેલી અરજી લગત રજુઆત કરેલ છે કે આ કામના સામાવાળા નં.૧ તેઓના પતિ થાય છે. અને સામાવાળા નં.૨ તેઓના સાસુ થાય છે. તેઓ તેમની અરજી હકીકતમાં જણાવે છે કે તેઓના લગ્ન આ કામના સામાવાળા

નં.૧ સાથે જ્ઞાતિના રીતરીવાજ મુજબ થયેલા અને ત્યારબાદ તેઓ લગ્ન જીવન ના હકકો તથા ફરજો અદા કરવા માટે તેઓની સાસરીમાં , આ કામના સામાવાળા નં.૧ કે જેઓ સંયુકત કુટુંબમાં રહે છે તેઓના ઘરે રામોલ ખાતે રહેવા ગયેલ. આમ આ કામના અરજદાર તથા સામાવાળા વચ્ચે પતિ–પત્ની તરીકે નો સબંધ પ્રસ્થાપિત થયેલો. ત્યારબાદ લગ્ન જીવન ના થોડા દિવસ તેઓને સાસરીમાં સારી રીતે રાખેલ અને સમય વિત્યા બાદ દહેજ બાબતે વારંવાર મેણાં ટોણાં મારી , તેઓના પતિ તેમના ઉપર ઉશકેરાઈ જઈ મારઝૂડ કરતાં , પરંતું અરજદાર ઘરસંસાર બગડે નહી તેથી મુંગામોઢે સહન કરતાં , તેઓના માતા પિતાને જાણ કરતાં તેમને સમજાવી સાસરીમાં રહેવાનું જણાવતાં.તેઓના પતિ ઘરખર્ચ માટે પૈસા આપતાં નહી અને મારઝૂડ કરી પહેરેલ કપડે કાઢી મુકેલ. જેથી આ કામના અરજદાર તેઓના માતા પિતાને ત્યાં આવતાં રહેલ. લગ્ન જીવન થકી તેઓ આઠ વર્ષ અગાઉ ગર્ભવતી બનેલ અને તેઓને પુત્રી નામ '' પ્રીન્સેસ'' નો જન્મ તા. ૩૦/૮/૦૮ ના રોજ થયેલ. આ કામના સામાવાળાઓ તેઓની દીકરીને જોવા સુધ્ધા આવેલ નથી. અરજદારના માતા પિતાએ સમાધાન કરવા અથાક પ્રયત્ન કરેલ છતાં તેઓને તેડી ગયેલ નહી અને તેઓની દરકાર પણ લીધેલ નથી. અરજદારને મુકવા માટે તેઓના માતા પિતા સાસરીમાં આવેલ તો તેઓને ગાળાગાળી કરી , સામાવાળાએ ધમકી આપેલ કે અરજદારને સળગાવી ને જાનથી મારી નાખવાની ધમકી આપેલ. અરજદારે આઈ.પી.સી.કલમ: ૪૯૮(ક) મુજબની ફરીયાદ ઓઢવ પો.સ્ટે. આપેલ. આ કામના સામાવાળા અરજદાર કે તેઓની દીકરીને સ્વીકારવા તૈયાર નથી.

આ કામના સામાવાળા નં.૧ પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરે છે અને દર મહીને રુા. ૨૫,૦૦૦/– કમાય છે. ઓઢવ ખાતે પોતાની માલીકીનું મકાન ધરાવે છે. આ કામના સામાવાળા રુપીયા વ્યાજે ફેરવવાનો ધંધો કરે છે. અને વ્યાજની આવક રુા. ૩૫,૦૦૦/– કમાય છે. રાજસ્થાન ખાતે રુપનગઢમાં ખેતર તથા મકાન ધરાવે છે. અનેખેતીની ,તથા મકાન ભાડાની આવક રુા.૧૦,૦૦૦/– મેળવે છે. આમ કુલ્લે ૭૦,૦૦૦/– જેટલી આવક માસીક મેળવે છે.

આ કામના અરજદાર કોઈ હુન્નર ઉદ્યોગ જાણતા નથી. તેઓની પુત્રી પ્રિન્સેસ ધોરણ:૪ માં અભ્યાસ કરે છે. તેની ટયુશન ફી, સ્કુલ ફી , મેડીકલ તથા ખાવા પીવાનો ભરણપોષણનો ખર્ચો તેઓના માતા પિતા કરે છે.અને હાલમાં તેઓ પિયરમાં ઓશીયાળું જીવન વિતાવી રહેલ છે. આ કામના સામાવાળા ને તેઓ અરજદાર તથા તેમની પુત્રી સિવાય બીજા કોઈના ભરણપોષણની જવાબદારી નથી. જેથી તેઓ અરજદારને તેમના ભરણપોષણ પેટે માસીક રુા.૧૫,૦૦૦/- તથા તેઓની પુત્રી ના ભરણપોષણ પેટે ૧૦,૦૦૦/- તથા તેની સ્કુલફી તથા ટયુશન ફી પેટે માસીક રુા. ૫,૦૦૦/- તથા ઘર ભાડાના રુા. ૫,૦૦૦/- આમ કુલ મળી રુા. ૩૫,૦૦૦/- પુરા દર માસે ચડયે ચડયા આ કામના સામાવાળા પાસેથી અપાવવા હુકમ કરવા અરજ કરેલ છે. વળી આ કામના અરજદારે , આ કામના સામાવાળા થકી તેઓની પુત્રી નો જન્મ થયેલ હોય , અને તેઓને નિ:સહાય હાલતમાં તરછોડી દીધેલ હોય , વળપર પેટે રુા. ૫,૦૦,૦૦૦/- ચુકવી આપવા હુકમ કરવા અરજ કરેલ છે. આ કામના અરજદારે કલમ: ૧૮ હેઠળ રક્ષનો હુકમ, કલમ:૧૯ હેઠળ રહેઠાણનો હુકમ , કલમ: ૨૦ હેઠળ ભરણપોષણ નો હુકમ , કલમ:૨૨ હેઠળ વળતર નો હુકમ , મેળવવા અરજ કરેલ છે.

અરજદારની અરજી અનુસંધાને પ્રોટેકશન અધીકારીનો રીપોર્ટ રજુ થતાં તે વંચાણે લેવામાં આવેલ છે.

(૨) ત્યારબાદ મુળ અરજી તથા આંક:૪ ની અરજદારની વચગાળાના ભરણપોષણ ની અરજી વિરુધ્ધ સામાવાળાએ જવાબ રજુ કરવાના સ્ટેજે સદર કામ છે. પરંતું આ કામના સામાવાળા નં.૧ તથા ૨ નાઓને પ્રોટેકશન ઓફીસર મારફતે નોટીસની બજવણી કરવા સારું મુ.તા ૬/૬/૧૭ ની નોટીસ રજી.એડી.થી મોકલાવતા નોટીસ આ કામના સામાવાળાને બજી ગયેલ છે. તેમ છતાં આ કામના સામાવાળા તરફે કોઈ રીપોર્ટ કે વકીલપત્ર કે કોઈ કોઈ વકીલ હાજર રહેલ નથી અને જવાબ રજુ કરેલ નથી. જેથી આંક: ૨ નીચે મુળ અરજી નો પણ સામાવાળા જવાબ રજુ કરતાં નહોય , સામાવાળાનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે.

સદર કામે અરજદારની વચગાળાની ભરણપોષણની અરજી આંક:૪ થી રજુ થતાં તે લગત નામદાર કોર્ટ દ્વારા અરજદારની અરજી અંશત:મંજુર કરવામાં આવેલ છે.

(૩) ઉપરોકત હકીકતના સંદર્ભમાં અરજદાર તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવામાં આવેલ છે.

**<u>અરજદાર તરફે મૌખિક પુરાવો:</u>**

(૧) આંક: ૫ થી અરજદાર:રેણુંબેન દીપકુકમાર ખીચી ની સરતપાસનું સોગંદ નામું.

આ સિવાય અરજદાર તરફે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રેકર્ડ ઉપર રજુ રાખવામાં આવેલ નથી.

**<u>સામાવાળા તરફે મૌખિક કે દસ્તાવેજી પુરાવા</u>**

સદર કામે સામાવાળાઓ તરફે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવામાં આવેલ નથી.

(૪) સદર કામે અરજદાર તરફે સરતપાસ એફીડેવીટ રજુ થયા બાદ સામાવાળા કે તેઓના વકીલશ્રી.હાજર રહેતા નહોવાથી , સામાવાળા તરફે કોઈ જવાબ રજુ કરવામાં આવેલ નથી. જેથી તેઓનો જવાબ રજુ કરવાનો હકકબંધ કરવામાં આવેલ છે. તેવી જ રીતે અરજદાર તરફે આંક: ૦૬ થી ,સામાવાળાનો ઉ.ત.નો હકક બંધ કરવાની અરજી રજુ થતાં સામાવાળાનો ઉત.નો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. અરજદાર તરફે આંક:૭ થી કલોઝીંગ પુરસીસ રજું થયેલ છે. , સામાવાળા તરફે વિ.વ.શ્રી. કે સામાવાળા પણ હાજર રહેતા નહોઈ, આંક:૮ થી પુરાવાનો હકક બંધ કરવાની અરજી રજું થતાં , સામાવાળા કે તેઓના વ.શ્રી. હાજર રહેતા ન હોઈ કે કોઈ રીપોર્ટ રજુ થયેલ નહોઈ , સામાવાળાનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૫) આ કામમાં અરજીના નિણર્ય માટે નીચેના મુદૃાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું અરજદાર સાબીત કરે છે કે અરજદાર સામાવાળા સામે આ આ કાયદાની કલમ: ૧૮ મુજબ મારકુટ કે દુખ:ત્રાસ ના આપે તે સામે રક્ષણ(સુરક્ષા) મેળવવા હકકદાર છે?
(૨) શું અરજદાર આ કાયદાની કલમ: ૧૯ હેઠળ રહેઠાણ અંગે હુકમ મેળવવા હકકદાર છે?
(૩) શું અરજદાર આ કાયદાની કલમ: ૨૦ હેઠળ પોતાના ભરણપોષણનો હુકમ મેળવવા હકકદાર છે?
(૪) શું અરજદાર આ કાયદાની કલમ: ૨૨ હેઠળ વળતર મેળવવા હકકદાર છે?
(૫) શું હુકમ?

(૬) ઉપરોકત મુદૃાઓના મારા નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.
(૧) હકારમાં
(૨) નકારમાં.
(૩) અંશત:હકારમાં
(૪) નકારમાં
(૫) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મુદૃાના નિર્ણય ઉપર આવતાં પહેલાં અરજદાર તરફે આંક:૫ થી તેઓની સરતપાસનું સોગંદ નામું રજુ રાખવામાં આવેલ છે જેમાં સામાવાળાઓએ આચરેલ ઘરેલું હીસા અંગેની વિગતવાર રજુઆત કરવામાં આવેલ છે. અને તેઓને સાસરીમાં થયેલ દુરવ્યવહારનો ચીતાર રજુ રાખવામાં આવેલ છે. જે અંગેની માહીતી અરજદારની અરજી હકીકતને મળતી આવતી હોય તેનું પુનરાવર્તન ટાળવાના હેતુંસર અત્રે ઉલ્લેખ કરવામાં આવેલ નથી. સદર કામે આ કામના અરજદારની સરતપાસ એફીડેવીટ રજુ થયા બાદ , આ કામના સામાવાળા કે તેઓના વ.શ્રી હાજર રહેતા નહોય કે કોઈ રીપોર્ટ પણ રજુ રાખવામાં આવેલ નહોઈ સામાવાળાનો ઉ.ત. નો હકક બંધ કરવામાં આવેલ છે.

આમ રેકર્ડ ઉપરના પુરાવા ઉપરથી એ હકીકત નિર્વીવાદ છે કે આ કામના અરજદારના લગ્ન , આ કામના સામાવાળા સાથે જ્ઞાતિના રીતરીવાજ મુજબ આ કામના સામાવાળા નં.૧ નાઓની સાથે થયેલા. અને લગ્ન જીવન થકી તેઓને એક

પુત્રી નામે પ્રિન્સેસ નો જન્મ તા. ૩૦/૮/૦૮ ના રોજ થયેલો. જે હાલમાં આ કામના અરજદાર પાસે છે. તે હકીકત પણ નિર્વીવાદ છે. આ કામના અરજદાર સંયુકત કુટુંબમાં તેમની સાસરીમાં તેઓના લગ્નની ફરજો અદા કરવા ગયેલા. તે હકીકત નિર્વીવાદ છે કે આ કામના અરજદાર તેઓના વધુ ભરણપોક્ષણ મળે તે આશય થી સામાવાળાની વધુ આવક બતાવે અને આ કામના સામાવાળા ઓછી આવક બતાવે.

(૮)ઉપરોકત મુદ્દાના નિર્ણય માટે ના કારણો નીચે મુજબ છે:

મુદ્દા નં.૧

<u>**સદર કામે કલમ: ૧૮ હેઠળ રક્ષણનો**</u> હુકમ મેળવવા અરજ કરેલ છે સદર કેસ નો પુરાવો વંચાણે લેતાં આ કામના અરજદારના કથન મુજબ આ કામના સામાવાળા નં.૧ નાઓએ તેઓનો કોઈ પણ કારણ વગર વાંક ગુન્હા વગર ત્યાગ કરેલ છે. ઘરમાં કોઈ વસ્તુ લાવી આપતાં નહી. અને દહેજ બાબતે અવાર નવાર મારઝૂડ કરતાં અને તેઓને તથા તેમની દીકરીને પેહેરેલ કપડે કાઢી મુકેલ છે. તેઓના જણાવ્યા મુજબ તેમના માતા પિતા તથા સમાજવાળા તેઓને મુકવા સાસરીમાં ગયેલ તો તેઓને અપમાનિત કરી કાઢી મુકેલ. તેઓને ગાળો આપેલ. તથા જાનથી મારી નાખંવાની તથા જીવતી જલાવી દેવાની ધમકી આપેલ. આમ આ કામના સામાવાળા નં.૧ ઘણા જ માથાભારે , ઝનુની અને ઉગ્ર સ્વભાવના હોઈ , અને સામાવાળા પોતાનું કહેલ પાળે તેમ હોઈ , તેઓને રક્ષણ મળી રહે તે માટે દાદ માંગેલ છે. પરંતુ સદર કામે આ કામના અરજદારને માર મારેલ હોય , અને કોઈ દાકતરી સારવાર લીધેલ હોય ,અને રેકર્ડ ઉપર સર્ટી રજુ કરેલ હોય , તેવું જણાઈ આવતું નથી. પરંતુ આ કામના સામાવાળા ઓ વિરુધ્ધ ઓઢવ પો.સ્ટે.માં ઈ.પી.કો ૩૨૩, ૫૦૬(૧),૪૯૮(ક),૧૧૪ , તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ: ૩,૭ મુજબનો ગુનો દાખલ કરેલ . આમ સદરહું કાયદા અન્વયે કૌટુંબીક હીંસા જાણે અજાણે થયેલ હોય , અને શારીરીક ત્રાસ થયેલ હોવાનું જણાઈ આવતું હોય ,જેથી મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપી આ કામના સામાવાળાઓ ને તાકીદ કરવામાં આવે છે કે આ

કામના અજદારને કોઈ ધાકધમકી, આપવી નહી કે કોઈ કૌટુંબીક હીંસા આચરવી નહી.

**<u>સદર કામે આંક: ૧૯ મુજબ રહેઠાણ</u>** અંગે હુકમ મેળવવા દાદ માંગેલ છે. –) આ કામના અરજદારે આ કામના સામાવાળા એકસંપ થઈ આ કામના અરજદારને પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુકેલ છે. હાલમાં તેઓ તેમના માતા–પિતાને ત્યાં તેઓની દીકરી પ્રિન્સેસ ઓશીયાળું જીવન વીતાવી રહેલ હોવાનું જણાવે છે. આ કામના સામાવાળા મકાન ની સગવડ કરી આપે વિકલ્પે મકાન ભાડુ ચુંકવી આપે તેવો હુકમ કરવા અરજ કરેલ છે. પરંતુ આ કામના સામાવાળા ની માલીકીનું કોઈ મકાન હોય , તેવો કોઈ દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર આ કામના અરજદાર તરફે રજુ રાખવામાં આવેલ નથી. વળી આ કામના અરજદાર ધ્વારા તેઓ કોઈ ભાડાના મકાનમાં રહેતા હોય , અને ભાડુ ચુકવતા હોય તેવો કોઈ આધાર પુરાવો રેકર્ડ ઉપર રજુ રાખવામાં આવેલ નથી. આ સંજોગોમાં મુદ્દા નં. ર નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**<u>સદર કામે કલમ: ૨૦ હેઠળ ભરણપોષણ</u>** નો હુકમ મેળવવા અંગેની દાદ માંગેલ છે. હાલમાં તેઓ પિયરમાં ઓશીયાળું જીવન વિતાવી રહેલ છે. આ કામના સામાવાળા ને તેઓ અરજદાર તથા તેમની પુત્રી સિવાય બીજા કોઈના ભરણપોષણની જવાબદારી નથી. જેથી તેઓ અરજદારને તેમના ભરણપોષણ પેટે માસીક રુા.૧૫,૦૦૦/– તથા તેઓની પુત્રી ના ભરણપોષણ પેટે ૧૦,૦૦૦/– તથા તેની સ્કુલફી તથા ટયુશન ફી પેટે માસીક રુા. ૫,૦૦૦/– તથા ઘર ભાડાના રુા. ૫,૦૦૦/– આમ કુલ મળી રુા. ૩૫,૦૦૦/– પુરા દર માસે ચડયે ચડયા આ કામના સામાવાળા પાસેથી અપાવવા હુકમ કરવા અરજ કરેલ છે. જે અનુસંધાને આ કામના અરજદારના જણાવ્યા મુજબ આ કામના સામાવાળા નં.૧ પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરે છે અને દર મહીને રુા. ૨૫,૦૦૦/– કમાય છે. ઓઢવ ખાતે પોતાની માલીકીનું મકાન ધરાવે છે. આ કામના સામાવાળા રુપીયા વ્યાજે ફેરવવાનો ધંધો કરે છે. અને વ્યાજની આવક રુા. ૩૫,૦૦૦/– કમાય છે. રાજસ્થાન ખાતે રુપનગઢમાં ખેતર તથા મકાન ધરાવે છે. અનેખેતીની ,તથા મકાન

ભાડાની આવક રુા.૧૦,૦૦૦/– મેળવે છે. આમ કુલ્લે ૭૦,૦૦૦/– જેટલી આવક માસીક મેળવે છે. પરંતું સદર કામે અરજદાર તરફે આ કામના સામાવાળા માસીક ૭૦,૦૦૦/– કમાય છે તેવી આવક દર્શાવતો કોઈ પુરાવો જેવો કે ઈન્કમટેક્ષ રીર્ટન ભરતા હોય તો તેની નકલ, અથવા પગાર સ્લીપ , અથવા સામાવાળાની આવક જાવક દર્શાવતો કોઈ દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર રજુ રાખવામાં આવેલ નથી તેમ છતાં આ કામના સામાવાળા અરજદારને નિ:સહાય હાલતમાં આજની કારમી મોંઘવારીમાં,અરજદાર સ્વમાન ભેર જીવી શકે તે હેતું થી , અને કોઈની સામે હાથ લંબાવવો પડે નહી તે હેતું થી ,આ કામના અરજદારે તેઓના ભરણપોષણ , દવા દારું તથા કપડાં લતા માટે માસીક રુા.૨,૫૦૦/–(અંકે રુપીયા બે હજાર પાંચસો ) તથા તેઓની પુત્રી '' પ્રિન્સેસ'' ના ભરણપોષણ માટે, દવા દારુ , તથા સ્કુલફ ફી , અને ટયુશન ફી પેટે માસીક રુા. ૧,૫૦૦/–(અંકે રુપીયા એક હજાર પાંચસો પુરા/–અરજી કર્યા તારીખ થી ચડે ચડયા આ કામના સામાવાળા નં.૧ ચુકવી આપે તેવો હુકમ કરવા અરજ કરેલ છે. સામાવાળા અરજદારનું ભરણપોષણ કરવા બંધાયેલ છે. સાથે સાથે આ કામના સામાવાળા ની આવક ના સાધનો પણ ટાંચા છે. અને આ કામના સામાવાળા ઉપર અરજદાર સિવાય તેઓની માતા ના ભરણપોષણની તથા દવા દારું , તથા ર્ડાકટરી સારવાર નીી જવાબદારી તથા રહેવા તથા ખાવાની જવાબદારી આ કામના સામાવાળા ને માથે હોય તે હકીકત પણ ઘ્યાને લેવી જરુરી છે. જેથી મુદ્દા નં. ૩ નો જવાબ અંશત: હકારમાં આપવામાં આવે છે.

**<u>સદર કામે કલમ: ૨૨ હેઠળ</u>** વળતરનો હુકમ મેળવવા અરજદારે દાદ માંગેલ છે. અને તેઓને થયેલ માનસીક ,શારીરીક ત્રાસ બદલ સદરહું કાયદા હેઠળ આ કામના સામાવાળાઓ એક સંપ થઈ અસહય ઘરેલું હીંસા આચરી તેઓનો ત્યાગ કરેલ હોય , ત્રાસ આપેલ હોય , વળતર પેટે સામાવાળાઓ પાસેથી રુા. ૫,૦૦,૦૦૦/– (અંકે રુપીયા પાંચ લાખ /–)વળતર ચુકવવા અરજ ગુજારેલ છે. પરંતું સદર કામે અરજદાર તરફે કૌટુંબીક હીંસાના કારણે કોઈ શારીરીર માનસીક ઈજા થઈ હોય તે

અંગેનો કોઈજ પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી. આ સંજોગોમાં મુદ્દા નં.૪ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

ઉપરના તમામ કારણોસર મુદ્દા નં.૫ નો નિર્ણય નીચેના આખરી હુકમ થી કરવામાં આવે છે.

-: હુ ક મ :-

આ કામમાં અરજદાર ની અરજી નીચેની વિગતે અંશત: મંજુર કરવામાં આવે છ.

(૧) આ કામના અરજદારની ડી.વી.એકટની કલમ: ૨૦૦૫ ની કલમ:૧૮ મુજબ રક્ષણનો આદેશ મેળવવાની દાદ આથી મંજુર કરવામાં આવે છે.અને આ કામના સામાવાળાઓને આદેશ કરવામાં આવે છે કે આ કામના અરજદાર સાથે કોઈ પણ પ્રકારની ઘરેલું હીંસા આચરવી નહી.

(૨) આ કામના અરજદારની ડી.વી.એકટની કલમ: ૨૦૦૫ ની કલમ:૨૦ મુજબ આ કામના અરજદારને તેઓના ભરણપોષણ પેટે માસીક.રુા.૨,૫૦૦/-(અંકે રુપીયા બે હજાર પાંચસો પુરા/- ) તથા અરજદારની દીકરી નામે '' પ્રિન્સેસ '' ના ભરણોપોષણ પેટે માસીક. રુા.૧,૫૦૦/-.(અંકે રુપીયા.એક હજાર પાંચસો પુરા/-) અરજી કર્યા તારીખ થી ચડે ચડયા ચુકવવા નો આ કામના સામાવાળા નં.૧ ને હુકમ કરવામાં આવે છે.

(૩) આ ચુકાદાની નકલ પક્ષકારોને ડી.વી.એકટ : ૨૦૦૫ ની કલમ: ૨૪ મુજબ પક્ષકારોને વિના મુલ્યે આપવી.

આ હુકમ આજ રોજ તા.૧૪ થી માહે ઓગષ્ટ સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી-સંભળાવી જાહેર કર્યો.

**તારીખ: ૧૪ /૮/૧૮** **(દિગ્નેશ કનૈયાલાલ સોની )**
**મુકામ : અમદાવાદ.** **એડિ. ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ,**
**કોર્ટ નં. ૧૦, અમદાવાદ.**
UNIQUE CODE GJ00729